## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**ના ચિંતા ન કરો, તમારા માટે વિચાર્યું જ છે... જે ભુલથી માસ્ક પહેરીને ફરશે તેની પાસેથી દંડ લેવાનો કાયદો રાખીશું જ...!!**

# કલેકટર કચેરી ખાતે એક લાખની લાંચ લેતા શિરસ્તેદાર એસીબીના હાથે ઝડપાયા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર કલેકટર કચેરી સ્થિત જિલ્લા જમીન દફતરીની કચેરીમાં ફરજ બજાવતા શિરસ્તેદાર રૂ.૧ લાખની લાંચ લેતા એસીબીના છટકામાં આબાદ ઝડપાઈ ગયા છે. રી-સર્વેની અરજીઓમાં ક્ષતિઓ સુધારી ઝડપી નિકાલ માટે રૂ.૧ લાખની લાંચ માંગવામાં આવી હતી. એસીબીએ શિરસ્તેદાર અતુલ કનૈયાલાલ વ્યાસને લાંચ લેતા ઝડપી પાડી ડીટેઈન કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર એસીબી પોલીસને ખાનગી રાહે હકીકત મળી હતી કે જમીન દફતરની કચેરી, કલેકટર કચેરી બિલ્ડીંગ ગાંધીનગર ખાતે રી-સર્વે રેકર્ડ પ્રમોગલેશન અન્વયે આવેલી અરજીઓમાં ક્ષતિઓ સુધારવા અંગની કામગીરી કરવા તેમજ સુધારો કરી ઝડપી નિકાલ કરવા અધિકારી-કર્મચારીઓ દ્વારા અરજદારોની આવેલ રી-સર્વેની અરજીઓમાં ક્ષતિઓ સુધારી ઝડપી નિકાલ કરવા માટે અવેજ પેટે રૂ.૫૦ હજારથી રૂ.૧લાખની માંગણી કરવામાં આવે છે.



જે મળેલ હકીકતની સત્યતા તપાસમાં માટે રી-સર્વે કામની અરજી આપેલ અરજદારનો એસીબીએ સંપર્ક કરી ડીકોયર તરીકે સાથ સહકાર મેળવ્યો હતો. બાદમાં ડીકોયરની રી-સર્વેના કામની અરજીમાં ક્ષતિઓનો સુધારો કરી ઝડપી નિકાલ કરવા માટે જિલ્લા જમીન દફતરની કચેરીના શિરસ્તેદાર અતુલ વ્યાસનો સંપર્ક કર્યો હતો. ત્યારે અતુલ વ્યાસે ડીકોયર પાસે રૂ.૧લાખની લાંચની માંગ કરી હતી. જે લાંચની રકમ ડીકોયર આપવા માંગતા ન હતા. જેથી એસીબીના મદદનીશ નિયામક એ.કે.પરમારના સુપરવિઝન હેઠળ પીઆઈ એસ.ડી.ચૌધરીએ કલેકટર કચેરી ખાતે લાંચનુ છટકુ ગોઠવ્યું હતું. ત્યારે ડીકોયર સાથે અતુલ વ્યાસે હેતુલક્ષી વાતચીત કરી રૂ.૧ લાખની લાંચ સ્વીકારી હતી. તે સમયે જ એસીબીની ટીમે અતુલ વ્યાસને લાંચ લેતા રંગેહાથ પકડી પાડયા હતા.જયારે કલેકટર કચેરી ખાતે એસીબીએ લાંચીયા અધિકારીને પકડી પાડતા ચકચાર મચી જવા પામી હતી.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય આજે રજા પર હતા.
- આજે જિલ્લાના ગરીબ કલ્યાણ મેળામાં અધિક નિવાસી કલેક્ટર સુશ્રી રિતુસિંઘ અને જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમ તથા કલોલ પ્રાંત ક્રિષ્ણાબા વાઘેલા, ગાંધીનગર પ્રાંત અધિકારી બ્રિજેશ મોડિયાની મહેનત દાદ માગી લે તેવી હતી.
- આજે જિલ્લાકક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં ૨૫ જેટલા વિભાગોની વિવિધ યોજનાના એક હજારથી વધુ લાભાર્થીઓને લાભ અપાયા હતા.
- જિલ્લામાં ક્ષય નાબુદી અભિયાનના આયોજનની વિગતો સાથે તંત્ર દ્વારા કરવામાં આવી રહેલી કાર્યવાહીની જાણકારી માણેકબા વિદ્યાવિહાર અડાલજની વિદ્યાર્થીનીઓને આપવામાં આવી હતી.
- ગાંધીનગર મનપા દ્વારા ૨ માર્ચથી ૨૧-૫-૨૦૨૨ દરમ્યાન શહેરના ૨૦ જેટલા વિસ્તારોમાં આધારકાર્ડના સુધારા તથા નોંધણી માટેના કેમ્પ યોજાશે.
- ગરમીનું પ્રમાણ વધી રહ્યુ હોવાથી કચેરીઓમાં પંખા આજથી ઓન થયેલા જણાયા હતા.
- ધી ગુજરાત સચિવાલય સેકશન ઓફિસર્સ એસો.એ રાજયના મુખ્યમંત્રીને પત્ર પાઠવી કર્મચારીઓ માટે જુની પેન્શન યોજના અમલી બનાવવા માગં કરી છે.
- ગાંધીનગર શહેર ચ-રોડ તેમજ મહાત્મા મંદિર સુધી ડિફેન્સ એકસ્પોને લઈ એસ.આર.પી.ના જવાનોના પોઈંટ ઉભા કરવામાં આવ્યા છે.
- ઘ-રોડ અને ચ-રોડ પર નીલગાયો સતત ફરી રહી હોવાથી વાહનચાલકોને ફરજીયાત ધીમા વાહન ચલાવવાની ફરજ પડી રહી છે. તંત્ર આ અંગે પગલાં લે તેવી માંગ લોકોમાં ઉઠી છે.

# કુડાસણની જમીન પચાવવાનો કારસો ઘડનાર ચાર સામે લેન્ડ ગ્રેબીંગ હેઠળ ફરીયાદ નોંધવા અરજી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરમાં જમીનોના ભાવ ઉંચકાતા ભુમાફિયા સક્રિય થઈ ગયા છે. ખેડુતની કરોડો રૂપીયાની કિંમતી જમીન પચાવી પાડવા માટે જમીન કૌંભાડીઓ અવનવા પેંતરા રચતા હોય છે. ત્યારે કુડાસણની કરોડો રૂપીયાની જમીન પચાવી પાડવા માટે કારસો ઘડનાર ચાર સામે ખેડુત દ્વારા લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ફરીયાદ નોંધવા માટે અરજી કરી છે.

કુડાસણ ગામની સીમમાં પુનાજી ધુળાજી ઠાકોર અને પૂંજાજી મંગાજી ઠાકોર સહિત ૨૩ જણાએ તેમની વડીલોપાર્જીત જમીન બ્લોક નં.૫૬૭ ની ખાતા નં.૬૨ ની ૦-૬૭-૭૮ હેકટર ચોરસમીટર પૈકી ન વેચાણ થયેલી ચોથા હિસ્સાની ૧૬૯૪.૫૦ ચો.મી.જમીન વડીલોપાર્જીત ધનાજી ગોકાજીના નામે ખાતે આવી હતી. જયારે ધનાજી ગોકાજીનું તા.૯-૧૧-૨૧ ના રોજ મૃત્યુ થતા તેમના સીધી લીટીના વારસદારોની સહી-સાક્ષી કે સંમતિ તેમજ પૈસા ચુકવ્યા વિના નારાયણભાઈ કેશવલાલ પટેલ, ભરત ગાંડાભાઈ પટેલ (બંને રહે. વસંત વિહાર શાહિબાગ અમદાવાદ) તેમજ રાજેન્દ્ર ભાઈ ડાહ્યાલાલ પટેલ (રહે.વાસ્તુનિર્માણ સોસાયટી સેકટર-૨૪), અને અભિષા પિયુષ પટેલ(રહે. પટેલવાસ, સોકલી તા.વિરમગામ) એકસંપ થઈ જમીન પચાવી પાડવા માટે કારસો ઘડી છેતરપિંડી આચરી અંદરો-અંદરની મિલીભગતથી વારસોને અંધારામાં રાખી કરોડો રૂપીયાની જમીન તેઓની સહી કે રૂપીયા આપ્યા વિના પણ રૂ.૭૨,૨૨,૦૦૦ નો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ ગાંધીનગર સબ રજી.કચેરીમાં ગત તા.૪-૧૧-૨૦ ના રોજ ઈન્ડેક્ષ નંબરથી નોંધાવતા ખેડુતને જાણ થઈ હતી. જેથી લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ફરીયાદ નોંધાવવા માટે ઈન્ફોસીટી પોલીસ મથકે અરજી કરવામાં આવી છે.

# ગીફટ સિટી સંગાથ ઈન્ફ્રાસ્ટ્રકચરના બેઝમેન્ટમાંથી ૪૨ બંડલ વાયરોની ચોરી

ગીફટસીટી જમનાબાઈ સ્કુલની સામે સંગાથ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રાઈવેટ લિમીટેડની અંદર કન્સ્ટ્રકશન સાઈટના બેઝમેન્ટ વન ખાતે પતરાની દિવાલવાળા ગોડાઉનમાંથી અંદાજે રૂ.૯૨ હજારથી વધુના ૪૨ બંડલ ફીનોલેક્ષ કેબલ વાયરની ચોરી થવા પામી છે જેને પગલે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવવા પામી છે.

મનહરભાઈ હીરાભાઈ ડામોર છેલ્લા ૧૬ વર્ષથી સંગાથ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રાઈવેટ લિમીટેડ કંપનીમાં સાઈટ સુપરવાઈઝર અને સ્ટોર કીપર તરીકે નોકરી કરે છે. સંગાથ ઈન્ફ્રાસ્ટ્રકચરનું કામ છેલ્લા એક વર્ષથી ગીફટસીટી ખાતે ચાલે છે. સાઈટ પર જરુર પડતી તમામ ચીજવસ્તુઓ રાખવા માટે ભોંયરામાં પતરાની દિવાલ વાળુ ગોડાઉન બનાવ્યું છે. જેનો સ્ટોર તરીકે પણ ઉપયોગ કરીને જરુરીયાત મુજબ માલસામાન આપવામાં આવે છે. ત્યારે ગત તા.૨૧ ના રોજ સાંજના સાડા છ વાગે મનહરભાઈ અને મદદનીશ સ્ટોર કીપર વિકીન ઠાકોર સ્ટોરને તાળુ મારી ચાવી સિક્યુરીટી ગાર્ડની કેબીનમાં મુકી નીકળી ગયા હતા. જયારે બીજા દિવસો સવારે મનહરભાઈને વિકીન ઠાકોરે ફોન કરીને જણાવ્યું કે આપણા સ્ટોરનું તાળુ ખુલ્લું છે. તેઓએ અંદર નજર નાંખતા નવા આવેલા કેટલાક કેબલ વાયરના બંડલ મુકયા હતા, તે જગ્યા પર દેખાતા નથી. જેથી તાત્કાલીક સાઈટ પર દોડી આવીને જોયુ તો કેબલ વાયરના બંડલ મુકેલા હતા તેમાંથી ૪૨ બંડલ ન હતા. જેથી કામ કરતા અન્ય કારીગરોને કેબલ વાયર અંગે પુછતા કોઈ પણ વ્યકિતએ કેબલ વાયરનો ઉપયોગ કર્યો નથી. જેથી ચોર શખ્સ સ્ટોરમાંથી બંડલો ચોરી કરીને લઈ ગયા હતા. બનાવ અંગે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીનગર જિલ્લાના ગરીબ કલ્યાણ મેળામાં એક હજારથી વધુ લાભાર્થીઓને પાંચ કરોડની સાધન-સહાયનું વિતરણ

**રાજયના જરૂરિયાતમંદ લાભાર્થીઓને સાધન-સહાયનો આધાર આપીને આત્મનિર્ભર બનાવવાનો નક્કર પ્રયાસ આ સરકારે કર્યો છે**

ગાંધીનગર, તા. ૨૫

રાજયના જરૂરિયાતમંદ લાભાર્થીઓને સાધન-સહાયનો આધાર આપીને આત્મનિર્ભર બનવાની રહેવી જોઈએ. સમાજના પછાત રહી ગયેલા વર્ગને સાથે લઈને ચાલવું એ જ માનવ્યનો સ્વીકાર''. ગાંધીજીના આ આપણા જ સમાજના દલિત, પછાત, વંચિત રહી ગયેલા ભાઈ-ભાંડુઓને આપણે જ પીઠબળ પુરું પાડવું રહ્યું. રાષ્ટ્ર નિર્માણમાં દરેક યોજાઈ રહ્યા છે. આજે ગાંધીનગર જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળા થકી ૧૦૧૨ જેટલા લાભાર્થીઓને રૂપિયા ૫ કરોડ જેટલી સાધન-મેળામાં ઉપસ્થિત સર્વે લોકોએ નિહાળ્યું હતું.

આ સમારંભમાં ગાંધીનગર (દ) ના ધારાસભ્ય શંભુજી ઠાકોર,








બનાવવાનો નક્કર પ્રયાસ આ સરકારે કર્યો છે. છેલ્લા એક દાયકાથી ગરીબ કલ્યાણ મેળા થકી સાચા લાભાર્થીઓને લાભ આપવાનું ઉમદા કાર્ય સરકાર કરી રહી છે, તેવું આજરોજ ગાંધીનગર જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું.

ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે ગાંધીજી કહેતા કે ''સમાજના છેવાડાના માણસની ચિંતા કરવી સામાજિક અને સામુદાયિક જવાબદારી વિચારને સાર્થક કરવા અને સર્વાંગી વિકાસની આશા ફળીભૂત કરવાના ઉમદા આશયથી રાજયના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાજયભરમાં ગરીબ કલ્યાણ મેળાનો આરંભ વર્ષ-૨૦૦૯-૧૦ થી કર્યો હતો.

તેમણે ઉમેર્યું હતું કે ર્ડા. બાબાસાહેબ આંબેડકર કહ્યું છે કે ''જો આપણે સ્વસ્થ અને પ્રગતિશીલ સમાજનું નિર્માણ કરવું હશે, તો સમાજના દરેક સ્તરના લોકોનો સાથ અનિવાર્ય છે. નાગરિકની સરખી અને સામૂહિક ભાગીદારી વિના ઉચ્ચ ધ્યેયો હાંસલ કરવાનું શક્ય નથી. ગરીબ કલ્યાણ મેળા થકી લાભાર્થીઓને નવું જીવન જીવવાની નવીન રાહ મળી રહી છે. તેઓ પગભર બની સન્માનભેર સમાજમાં જીવી રહ્યા છે.

યોજનાઓ વિવિધલક્ષી છે, તેવું કહી ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે તેને અસરકારક રીતે છેવાડાના પરિવારો સુધી પહોંચાડવા માટે અને સાચા લાભાર્થીઓને તેનો લાભ મળે તેવા આશયથી ગરીબ કલ્યાણ મેળા સહાયનું વિતરણ હાથોહાથ કરવામાં આવી છે.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમ દ્વારા મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ લાભાર્થીઓ દ્વારા તેમના મુખે સહાય મેળવ્યા બાદ જીવનમાં આવેલા બદલાવ અંગેની માહિતી પણ આપવામાં આવી હતી. મોરબી ખાતે રાજયના મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાનું જીવંત પ્રસારણ પણ ગાંધીનગર ખાતેના ગરીબ કલ્યાણ દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ, ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેષ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર ધવલ પટેલ, જિલ્લા પોલીસ અધિક્ષક મયૂર ચાવડા, નિવાસી અધિક કલેકટર રીતુ સિંગ સહિત લાભાર્થીઓ અને આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધીનગર અને આસપાસના નાગરિકો માટે વિવિધ વિસ્તારમાં આધાર નોંધણી અને સુધારા કેમ્પ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગરપાલિકા તથા આસપાસમાં રહેતા નાગરિકોની સગવડ તથા જરૂરિયાતને ધ્યાને લઈને જુદા જુદા ૨૦ સ્થળો પર તબક્કાવાર આધાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ૨ માર્ચથી લઈને ૨૧ મે સુધી મહાનગરપાલિકાના વિવિધ વિસ્તારોમાં આધાર કેમ્પનું આયોજન થશે જેમાં અરજદાર નવા આધાર માટે રજીસ્ટ્રેશન કરી શકશે. અરજદારો પોતાની નજીકની પંચાયત ઓફિસમાં આ કેમ્પનો લાભ લઈ શકશે. સવારે ૧૦.૩૦ થી સાંજે ૫ વાગ્યા સુધી નીચે દર્શાવેલ સ્થળે વિના મૂલ્યે આ સુવિધાનો લાભ લઈ શકાશે.

| સ્થળ (પંચાયત ઓફિસ) | તારીખ |
|---|---|
| વાવોલ | ૨-૩-૨૦૨૨ થી ૪-૩-૨૦૨૨ |
| સેક્ટર-૨૪ | ૫-૩-૨૦૨૨ થી ૮-૩-૨૦૨૨ |
| કોલવડા | ૯-૩-૨૦૨૨ થી ૧૧-૩-૨૦૨૨ |
| રાંધેજા | ૧૪-૩-૨૦૨૨ થી ૧૬-૩-૨૦૨૨ |
| બોરીજ | ૧૭-૩-૨૦૨૨ થી ૨૨-૩-૨૦૨૨ |
| પાલજ | ૨૩-૩-૨૦૨૨ થી ૨૫-૩-૨૦૨૨ |
| બાસણ | ૨૮-૩-૨૦૨૨ થી ૩૦-૩-૨૦૨૨ |
| ઈન્દ્રોડા | ૩૧-૩-૨૦૨૨ થી ૪-૪-૨૦૨૨ |
| પોર | ૫-૪-૨૦૨૨ થી ૭-૪-૨૦૨૨ |
| સરગાસણ | ૮-૪-૨૦૨૨ થી ૧૨-૪-૨૦૨૨ |
| કુડાસણ | ૧૩-૪-૨૦૨૨ થી ૧૮-૪-૨૦૨૨ |
| ધોળાકુવા | ૧૯-૪-૨૦૨૨ થી ૨૧-૪-૨૦૨૨ |
| રાંદેસણ | ૨૨-૪-૨૦૨૨ થી ૨૬-૪-૨૦૨૨ |
| રાયસણ | ૨૭-૪-૨૦૨૨ થી ૨૯-૪-૨૦૨૨ |
| કોબા | ૩૦-૪-૨૦૨૨ થી ૪-૫-૨૦૨૨ |
| સુઘડ | ૫-૫-૨૦૨૨ થી ૭-૫-૨૦૨૨ |
| ભાટ | ૯-૫-૨૦૨૨ થી ૧૧-૫-૨૦૨૨ |
| કોટેશ્વર | ૧૨-૫-૨૦૨૨ થી ૧૩-૫-૨૦૨૨ |
| ઝુંડાલ | ૧૬-૫-૨૦૨૨ થી ૧૮-૫-૨૦૨૨ |
| ખોરજ | ૧૯-૫-૨૦૨૨ થી ૨૧-૫-૨૦૨૨ |

## લીંબોદરા હાઈસ્કૂલ ખાતે સરસ્વતી સાધના યોજના હેઠળ સાઈકલ વિતરણ કાર્યક્રમ

પી.પી.આર. શાહ હાઈસ્કૂલ, લીંબોદરા ખાતે સરસ્વતી સાધના યોજના અંતર્ગત સાઈકલ સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધોરણ:૯માં અભ્યાસ કરતી તમામ વિદ્યાર્થીની બહેનોને લીંબોદરા ગામના ડેપ્યુટી સરપંચ હર્ષવર્ધનસિંહ વાઘેલા તથા તાલુકા સદસ્ય અશોકસિંહ વાઘેલાના હસ્તે સાઈકલનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય તેજસિંહ પરમારે કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાન તથા વાલીઓને આવકાર આપી આભાર વ્યકત કર્યો હતો.

## જન શિક્ષણ સંસ્થાન દ્વારા ક્ષમતાવર્ધક તાલીમનું આયોજન

જન શિક્ષણ સંસ્થાન ગાંધીનગર, સાબરકાંઠા, કચ્છ તથા પાટણ જિલ્લાના સંયુકત ઉપક્રમે ત્રિમંદિર, ભુજ ખાતે ત્રણ દિવસની ક્ષમતાવર્ધક તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજીવભાઈ મણિયારે મોટીવેશનની તાલીમ આપી હતી. ડી.આર.ડીના ભાવિનભાઈ સેંઘાણી, આર.સે. ટી.ના ડાયરેકટર અજીતકુમાર તથા સચિનભાઈ પંડયાએ માર્ગદર્શન આપ્યું હતું. સીએન્ડવી ફાઉન્ડેશનના સિનિયર પ્રો.કો. ઓર્ડિનેટર ચેતનભાઈ સોનીએ ઉપસ્થિત ભાઈ-બહેનોને ઉદ્યોગ સાહસિકતા વિશે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.



સાંસદ મનસુખ વસાવા દ્વારા કરાયેલ ગેરવર્તુણુંક સામે વિરોધ દર્શાવવા આજે જિલ્લા મહેસુલી કર્મચારી મંડળ વર્ગ-૩ દ્વારા અધિક નિવાસી કલેકટર સુશ્રી રિતુસિંઘને આજે આવેદનપત્ર આપવામાં આવ્યુ છે.

## સરકાર ખેડૂતો પાસેથી ૧૨૫ મણ ચણાની ખરીદી કરશે

ગાંધીનગર, તા. ૨૫

રાજયના ખેડૂતો માટે ભાજપા સરકાર અનેક સારા નિર્ણયો લઈ રહી છે. જેના પરિણામે ગુજરાતના ખેડૂતોના જીવન ધોરણમાં ઉજાસ લાવવામાં સરકાર સક્રિય રહી છે.

ગુજરાત સરકાર એમ.એસ.પી. મુજબ ચણાની બમ્પર ખરીદી કરશે. રાજ્યોમાં ખેડૂતોએ ચણાનું વાવેતર ખુબ મોટા પ્રમાણમાં કરેલ છે અને ઉત્પાદન પણ ખુબ સારૂ આવશે. આવા સંજોગોમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર ખેડૂતો પાસેથી ખેડૂત દિઠ ૧૨૫ મણ ચણાની ખરીદી કરશે.

ખેડૂતલક્ષી આ ઐતિહાસીક નિર્ણય કરવા બદલ રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કૃષિમંત્રી રાઘવજી પટેલ તેમજ ગુજરાત રાજ્યના યશસ્વી અધ્યક્ષ સી.આર. પાટીલનો ગુજરાત ખેડૂતો વતી આભાર ગુજરાત પ્રદેશ કિસાન મોરચાના પ્રમુખ હિતેશ પટેલ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે.

# કલોલ કોલેજના વિદ્યાર્થીઓ આઝાદીના અમૃત મહોત્સવના સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિજેતા

કલોલ આર્ટસ સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓ આઝાદીના અમૃત મહોત્સવના સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિજેતા થયા હતા. કલોલ નગરપાલિકા દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે સાંસ્કૃતિ કાર્યક્રમનું આયોજન રાખ્યું હતું. જેમાં કલોલની કોલેજના વિદ્યાર્થીઓએ વિજેતા બની ગૌરવ વધાર્યું હતું. કલોલ નગરપાલિકાના યુવા અને ઉત્સાહી પ્રમુખ ઉર્વશીબેન પટેલે વિજેતા સ્પર્ધકોને ટ્રોફી આપી પ્રોત્સાહિત કર્યા હતા. આઝાદીના અમૃત મહોત્સવની થીમ પર રજૂ થયેલા એકપાત્રીય અભિનયમાં પ્રિન્સ પ્રજાપતિ પ્રથમ અને અંશુલી પ્રજાપતિ તૃતીય તેમજ હળવુ કંઠ સંગીતમાં હિમાદ્રી જોશી દ્વિતીય અને ગણેશ ઠાકોર તૃતીય વિજેતા બની કોલેજનું ગૌરવ વધાર્યુ હતુ. કોલેજના આચાર્ય ડૉ. કે.સી. દેશમુખે વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન કરનાર ડૉ. એચ.કે. સોલંકી અને ડૉ. મુક્તિ બારોટનું પ્રમુખ ઉર્વશીબેન પટેલે મોમેન્ટો આપી બહુમાન કર્યુ હતુ. પરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ તૈયારીઓ કરી હતી.



# ચિલોડા ગામમાં ગરબા મહોત્સવ રંગેચંગે યોજાયો

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામના મુખ્ય મહાકાળી મંદિર ચોકમાં દર વર્ષે યોજાતા ૨૪મી ફેબ્રુઆરીના રોજ બળિયાદેવ મહારાજ અને મહાકાળી માતાજી યુવક મંડળ આયોજિત ભવ્ય ગરબા મહોત્સવની ઉજવણી નિમિત્તે ૨૦મો ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગરબા મહોત્સવમાં ૫૧ ફૂલોના ગરબા (માંડવળી)ઓને રંગબેરંગી રીતે શણગાર સાથે માટીના ઘડુલામાં કોડિયામાં દીવા પ્રગટાવી બહુચરમાતાજીના મંદિરેથી તૈયાર કરી માઈભક્તો તથા શ્રદ્ધાળુભક્તો દ્વારા ઘરથી વાજતે-ગાજતે મહિલાઓ માથે ગરબો મુકીને ગામના ચોકમાં પધરામણી કરી હતી. એક સાથે ૫૧ ગરબા મહોત્સવથી નવરાત્રી જેવો માહોલ સર્જાયો હતો. આ કાર્યક્રમમાં ગાયક કલાકાર રોહિત ઠાકોર અને તેમની કલાવૃંદ ટીમે સંગીતની સુરાવલી સાથે ગરબાની રમઝટ બોલાવી હતી. ગામના ચોકથી મુખ્ય પ્રવેશદ્વારા સુધી રંગબેરંગી તોરણોથી શણગારવામાં આવ્યુ હતુ. બળિયાદેવ મહારાજ અને મહાકાળી માતાજીના મંદિરે મંડળ દ્વારા હવનનો કાર્યક્રમ રાખવામોં આવ્યો હગતો જેમાં ગ્રામજનોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ ગરબા મહોત્સવમાં આજુબાજુ ગામોના તથા સંગા-સંબંધીઓ મોટી સંખ્યામાં ગરબે ઘુમ્યા હતા.

